# શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ

## બી.એડ. વાર્ષિક કામગીરી અહેવાલ

## વર્ષ: 2023 - 2024

**સંકલનકર્તા**

**ડો. દિપિકા આર. ચૌધરી**

**આસી. પ્રોફેસર**

**શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ**



**શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ**

## બી.એડ.માં યોજાયેલ કાર્યક્રમો / પ્રવૃતિઓ વર્ષ: 2023-2024

### અનુક્રમણિકા


| ક્રમ નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| 1 | સંસ્થા પરિચય | 3-4 |
| 2 | યોગ દિવસની ઉજવણી | 5 |
| 3 | ગુરૂપૂર્ણિમા દિવસની ઉજવણી | 6 |
| 4 | વર્ષા ગાન સ્પર્ધા કાર્યક્રમ | 7 |
| 5 | રંગોળી સ્પર્ધા કાર્યક્રમ | 8 |
| 6 | પુસ્તક પ્રદર્શન તથા વાંચન અભિમુખતા કાર્યક્રમ | 9 |
| 7 | શિક્ષક દિનની ઉજવણી | 10-11 |
| 8 | મેન્ટલ હેલ્થ અવેરનેસ એન્ડ સુસાઈડ પ્રિવેન્સન કાર્યક્રમ | 11-12 |
| 9 | લોક સાહિત્ય સભા કાર્યક્રમ | 12-13 |
| 10 | ઑઝોન દિવસની ઉજવણી અંતર્ગત ક્વીઝ સ્પર્ધા | 14 |
| 11 | ઈનોવેશન ક્લબ : વર્કશોપ | 15-16 |
| 12 | વ્યસન - ફેશન મુક્તિ અભિયાન કાર્યક્રમ | 16-17 |
| 13 | નવ આગંતુક તાલીમાર્થી અભિવાદન (ફ્રેસર્સ) કાર્યક્રમ | 18-19 |
| 14 | ‘સ્વચ્છતા ત્યાં પ્રભૂતા’ કાર્યક્રમ | 19-20 |
| 15 | નિવૃતિ સન્માન સમારંભ તેમજ સંસ્થા ઋણી સન્માન સમારંભ | 21-22 |
| 16 | ગરબા મહોત્સવ કાર્યક્રમ | 23-24 |
| 17 | ગુજરાત ગવર્નમેન્ટ હેલ્પલાઈન નંબર અવેરનેસ કાર્યક્રમ | 24-26 |
| 18 | ગીતાજયંતિ ઉજવણી કાર્યક્રમ | 26-28 |
| 19 | બી. એડ્. કૉલેજ, પેટલાદનું ગૌરવ | 28-29 |
| 20 | રક્તદાન કાર્યક્રમ | 29-31 |

## સંસ્થા પરિચય

પ્રહલાદપુરી, પંપાપુરીના પ્રાચીન અને પવિત્ર નામથી પ્રસિદ્ધ એવા ગાયકવાડી રાજ્યમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરનારી તેમજ ઉદ્યોગ ધંધાર્થીએ જુના વડોદરા રાજ્યનું માન્ચેસ્ટર અને વિદ્યાક્ષેત્રે ગુજરાતનું કાશી ગણાતી પેટલાદનગરીનું ઐતિહાસિક તેમજ સંસ્કાર ક્ષેત્રે ઘણું મહત્વનું સ્થાન રહ્યું છે. એવી આ પાવન તપોભૂમિમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ કોલેજ પેટલાદે વર્ષ 1970થી જ્ઞાનયજ્ઞ આદર્યો. જેમાં સંસ્થાના આદ્યસ્થાપક અને પ્રમુખ રાજ મિત્ર દાતાર સ્વ.રમણલાલ કેશવલાલ પરીખે તેના શ્રીગણેશ કર્યા અને તેમના સ્વર્ગાગમન બાદ સંસ્થાના પૂર્વપ્રમુખ સૌજન્યમૂર્તિ શેઠશ્રી સ્વ.અમૃતલાલ રમણલાલ પરીખે  તેની ધૂરા સંભાળી તે દરમિયાન વર્ષ 1996માં આ કોલેજને ચરોતરના ભામાશા એવા સ્વ. શ્રી ઇન્દુભાઇ પટેલનો સહયોગ સાંપડ્યો તેમના ધર્મપત્ની શારદાબેનના સંભારણામાં શ્રીમતિ શારદાબેન ઈન્દુભાઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન નામથી આ સંસ્થાનું નવું નામાધિકરણ થયું. આ સંસ્થા તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે. ઉચ્ચ શિક્ષણની આ પુનિત વિકાસયાત્રા, વિકાસ ગાથામાં IITE સંગાથે આ રચનાત્મક કાર્ય પ્રગતીના પંથે આગળ વધી રહી છે.







સ્વ.રમણલાલ પરીખ          સ્વ.અમૃતલાલ પરીખ          સ્વ.ઇન્દુભાઇ પટેલ

# સંસ્થા પરિવાર

ડૉ. નયનાબેન ટી. શુક્લ : કાર્યકારી આચાર્ય

**ડૉ. પુરુષોત્તમભાઈ ડી. શાહ – એસોસીએટ પ્રોફેસર**

**ડૉ. યોગેશભાઈ આર. પરમાર – એસોસીએટ પ્રોફેસર**

**ડૉ. કામેન્દુભાઈ આર. ઠાકર – આસીસ્ટન્ટ પ્રોફેસર**

**ડૉ. દિપિકાબેન આર. ચૌધરી – આસીસ્ટન્ટ પ્રોફેસર**

**ડૉ. શ્વેતાબેન એસ. ચૌહાણ – અધ્યાપક સહાયક**

**ડૉ. રોશની જે. દેશાઈ – અધ્યાપક સહાયક**

**શ્રી રાકેશભાઈ એ. ભટ્ટ - ગ્રંથપાલ**

**શ્રી ચેતનભાઇ ડી. શાહ – સિનીયર ક્લાર્ક**

**શ્રીમતી નિધિબેન એસ. વૈદ્ય – જુનિયર ક્લાર્ક**

**શ્રી બ્રિજેશભાઈ સોલંકી - સેવક ભાઈ**

## યોગ દિવસની ઉજવણી



21/06/2023ના રોજ નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે રાજ્ય સરકાર તરફથી યોગ સપ્તાહની ઊજવણી કરવામાં આવી રહી હતી. આ દરમ્યાન સંસ્થા દ્વારા તા. 17/06/2023 મંગળવારને રોજ સવારે 7.30 થી 8.30 કલાક દરમ્યાન સૂર્યનમસ્કાર અંગે જરૂરી જાણકારી આપી પ્રત્યક્સ નિદર્શન બાદ સામુહિક સૂર્યનમસ્કારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૂર્ય નમસ્કારની માહિતી તથા નિદર્શન માટે સૂર્યભુવન વ્યાયામશાળા, પેટલાદ સંચાલિત નિ:શુલ્ક યોગ પ્રસાર કેન્દ્ર તરફથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માન્ય યોગ ટ્રેનર શ્રી મયુરભાઈ હસમુખભાઈ દવે હાજર રહ્યા હતા. વેકેશન હોવા છતાં સ્થાનિક તાલીમાર્થીઓએ હાજર રહી આ કાર્યક્રમનો લાભ લીધેલ હતો સાથે સ્ટાફ પરિવારમાં કા. આચાર્યા શ્રી ડો. નયનાબેન શુક્લ, પ્રા. શ્રી મયંકભાઈ પટેલ, શ્રીમતી નિધિબેન વૈદ્ય, શ્રી રાકેશભાઈ ભટ્ટ, શ્રી બ્રિજેશભાઈ રજપૂતે પણ હાજર કાર્યક્રમનો લાભ લીધેલ હતો. આ કાર્યાકમમાં સવાસનમાં ધ્યાનાસન કરાવવામાં આવેલ હતું. સૌએ સ્વાસ્થવર્ધક આયુર્વેદિક ઉકાળો પી ને કાર્યક્રમનું સમાપન કર્યુ હતું. કાર્યક્રમની સમાપ્તિ બાદ યોગ કો.ઓર્ડીનેટર શ્રી ડો. કામેન્દુ આર. ઠાકરે સમગ્ર માહિતી સરકારશ્રીના કોજન્ટ પોર્ટલ પર અપલોડ કરેલ હતી.

## ગુરૂપૂર્ણિમા દિવસની ઉજવણી




કૉલેજ દ્વારા તારીખ: 03/07/2023 સોમવારના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ તેમજ સ્ટાફ દ્વારા દીપ પ્રાગટય કંકુ તિલક કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જેમાં તાલીમાર્થીઓ દ્વારા ગુરુની મહિમા, પ્રવર્તમાન સમયમાં ગુરુ શિષ્ય સંબંધ દર્શાવતા વક્તવ્યો અને ગીત રજૂ કરવામાં આવ્યા. તેમજ ડો.પી. ડી.શાહ સાહેબે પ્રાચીન સમયમાં ગુરુનુ સ્થાન અને આજના સમયમા ગુરુનું સ્થાન વિશે ઉદાહરણયુક્ત સમજૂતી આપેલ હતી. ત્યારબાદ કા. આચાર્યા શ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ દ્વારા ગુરૂપૂર્ણિમા મહાત્મ્ય વિશે પ્રસંગોચિત વક્તવ્ય અપાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તપન સુથાર અને કૃપલીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ ભાવિકાબેન દ્વારા કરવામાં આવી હતી.

## વર્ષા ગાન સ્પર્ધા કાર્યક્રમ



કૉલેજમાં તારીખ 13/07/2023 ગુરુવારના રોજ વર્ષાઋતુને માણવા અને જાણવાના હેતુથી વર્ષા ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં સેમેસ્ટર-1 ના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્ષારાણીના આગમન તેના વધામણા અને વરસાદથી ભીંજાયેલ મન જેવા અનેક વર્ષાલક્ષી વિષય સંબંધી ગીતોની પસંદગી કરીને છટાદાર રજૂઆત કરવાનો પ્રયત્ન તાલીમાર્થીઓએ કરેલ હતો. આ કાર્યક્રમમાં વર્ષા ગાન સ્પર્ધા નિર્ણાયકોની ભૂમિકા ડો. દીપિકા ચૌધરી અને ડો. રોશની દેશાઈ એ ભજવેલ હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર હિનાબેન દ્વિતીય ક્રમે પરમાર રાધાબેન અને તૃતીય ક્રમે જાદવ અલકાબેને મેળવેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. કામેન્દ્ર આર. ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

## રંગોળી સ્પર્ધા કાર્યક્રમ



કૉલેજમાં તારીખ 12/08/2023 શનિવારના રોજ દેશભક્તિ વિષય અંતરગત દેશભક્તિને અનુરુપ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સદર્ભમાં તાલીમાર્થીઓ પોતાને ઉપયોગમાં લેવાની સામગ્રી જેમ કે - વિવિધ રંગ ધરાવતી કરોટી, શાકભાજી-ફળ, વિવિધ વૃક્ષોના પાન, અન્ય જરુરી સામગ્રી લઈને ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધા ટીમ (જૂથ)માં રાખેલ હતી. જેમા દરેક જૂથમાં ત્રણ –ત્રણ સભ્યો હતા. દરેકે સમયમર્યાદામા ઉત્કૃષ્ઠ દેવાખ કરવાના હેતુથી સુંદર, આકર્ષક, અને મુખ્યત્વે ત્રિરંગાના કલરને છલકાવતી રંગોળી બનાવી હતી. આ સ્પર્ધા કાર્યક્રમમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ડો. કામેન્દુ ઠાકર અને ડો. રોશની દેશાઈ એ ભજવેલ હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જાદવ અલ્કા, પરમાર કૈલાશ, ચાવડા માનસીની ટીમ; દ્વિતીય ક્રમે વ્રજ, પરમાર હીના, પરમાર ક્રિષ્નાની ટીમ અને તૃતીય ક્રમે પટેલ પ્રિયા, ગોશ્વામી વૈશાલી, ક્રિશ્નન શીતલની ટીમ વિજેતા બની હતી. સમગ્ર સ્પર્ધા કાર્યક્રમનું સંચાલન ડો. કામેન્દુ આર. ઠાકર  દ્વારા કરવામાં આવ્યું હતું.

## પુસ્તક પ્રદર્શન તથા વાંચન અભિમુખતા કાર્યક્રમ



કૉલેજમાં તારીખ 24/08/2023 ગુરુવારના રોજ 'પુસ્તક આપણા સાચા મિત્ર' સંદેશ સાથે તાલીમાર્થીઓ પુસ્તક મુલાકાત કરે તેવી શુભ ભાવના સાથે  સંસ્થા ના ગ્રંથપાલ શ્રી રાકેશભાઈ ભટ્ટ દ્વારા તાલીમાર્થીઓ અને સ્ટાફ માટે પુસ્તક પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ગ્રંથપાલ શ્રી દ્વારા "જીવન માં વાચન અને પુસ્તક નું મહત્વ" વિશે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. જેનો લાભ સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર તેમજ તાલીમાર્થીઓએ પ્રાપ્ત કરેલ. જે બદલ ડૉ. નયનાબેન શુક્લ એ  ગ્રંથપાલ શ્રી રાકેશભાઈ ભટ્ટ ને સર્વેવતી અભિનંદન પાઠવ્યા હતા.

## શિક્ષક દિનની ઉજવણી



કોલેજમાં 05/09/2023 મંગળવારના રોજ શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિ શિક્ષક બનવાના હેતુથી તાલીમ લઈ રહેલા તમામ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. ગુરુ મહિમા દર્શાવતી પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમિયાન વિવિધ વિષયોનું અધ્યાપનકાર્ય પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. શિક્સક તરીકે ભૂમિકા અદા કરતા તમામ તાલીમાર્થી ઉત્સાહભેર ગર્વાંતિત લાગણી અનુભવી રહ્યા હતા. જેમાં સેમેસ્ટર-૧ ના અમદાવાદીયા વ્રજ આચાર્ય તરીકે ભૂમિકા અદા કરેલ હતી. પાર્થ આર. પટેલ, હેપ્પી વી. મહીડા, શીલા કે. તળપદા અને હીના આર. પરમારે અધ્યાપક તરીકે ભૂમિકા અદા કરેલ હતી. પટેલ પ્રિયાએ ક્લાર્ક, ગોસ્વામી વૈશાલીએ ગ્રંથપાલ, સોલંકી સોનલ અને સોલંકી નનીષાએ સેવકબહેનો તરીકેની ભૂમિકા અદા કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કોલેજના સમગ્ર અધ્યાપકોનું કંકુ તિલક કરી અભિવાદન કરવામાં આવ્યું હતું ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના વિચારો પ્રતિક ગોહિલ જણાવ્યા હતા. સોલંકી માર્ગીએ શિક્ષણ અને

શિક્ષકનુ મહત્વ વિશે રજૂઆત કરી હતી. શિક્ષકની ભૂમિકા વિશે અધ્યાપકશ્રી ડૉ. કે. આર. ઠાકરે માહિતી આપી હતી. કાર્યક્રમના આયોજનમાં સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ, ડૉ. પી. ડી. શાહ સાહેબ અને ડૉ. રોશની દેસાઈએ ભાગ ભજવ્યો. શિક્ષક દિનનું મહત્વ સમજાવી સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા. ઉત્સાહભેર દિવસની ઉજવણી કરી સર્વ એ ખુશહાલી અનુભવી હતી.

**મેન્ટલ હેલ્થ અવેરનેસ એન્ડ સુસાઈડ પ્રિવેન્સન કાર્યક્રમ**




પ્રવર્તમાન સમયમાં શારીરિક તંદુરસ્તીની સાથોસાથ માનસિક તંદુરસ્તી પણ ખૂબ અગત્યની છે. જે અંગેની સમજ વિકાસના હેતુથી કોલેજમાં તારીખ: 11/09/23 સોમવારના રોજ જી.20 અંતર્ગત મેન્ટલ હેલ્થ અવેરનેસ એન્ડ સુસાઈડ પ્રિવેન્સન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના વક્તાશ્રીઓનો પરિચય ડો. કામેન્દ્ર ઠાકર દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમના મુખ્ય વક્તાશ્રીઓમાં એસ.એસ. હોસ્પિટલ પેટલાદના સાઈક્રિયાટીસ્ટ ડો. કિશન પટેલે મેન્ટલ હેલ્થની માહિતી આપી હતી. જેમાં તેઓએ મેન્ટલ

હેલ્થ અને તેના લક્ષણો, સારવાર અને નિદાન અંગે સમજ આપી હતી. એસ.એસ. હોસ્પિટલ પેટલાદના સાયકોલોજી કન્સલટન્ટ ડો. નિખિલ કંસારાએ માનસિક રોગોના સામન્ય લક્ષણો અને માનસિક રોગ થવાના કારણોની સમજ આપવાની સાથે માનસિક સ્વાસ્થ્ય સૌની પ્રાથમિકતા માટે ભારત સરકારે ચાલુ કરેલ ટેલી માનસ મોબાઈલ કાઉન્સેલિંગ સુવિધા વિશે પણ જણાવ્યું હતુ. કાર્યક્રમના અંતે પ્રશિક્ષણાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ વક્તાશ્રીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આભારદર્શન સોલંકી માર્ગી દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ મેન્ટલ હેલ્થ અવેરનેસ માટે જાગૃત બની શક્યા હતા.

**લોક સાહિત્ય સભા કાર્યક્રમ**






પ્રવર્તમાન સમયમાં લોકોમાં લોક સાહિત્ય વિસરાતું જઈ રહ્યુ છે. લોક સાહિત્યથી પ્રવર્તમાન સમાજ પરિચિત રહે અને તેનું મહ્ત્વ સમજે એ આશયે કોલેજમાં તારીખ: 13/09/2023 બુધવારના રોજ જી.20 અંતર્ગત લોક સાહિત્ય સભા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના વક્તાશ્રીનો પરિચય ડો. કામેન્દ્ર ઠાકર દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમના મુખ્ય વક્તાશ્રી રાજુભાઈ બારોટે ભારતીય સંસ્કૃતિનું જતન અને સંરક્ષણ કરવા માટેની પાયારુપ બાબત ભારતીય લોક સાહિત્યની સવિશેષ માહિતી આપવાની સાથે લોક સાહિત્યનું આજના જીવનમાં સ્થાન ટકાવી રાખવા માટે તેમની રસપ્રદ શૈલીમાં જણાવ્યું હતુ. કાર્યક્રમના અંતે સૌ તાલીમાર્થીઓ દ્વારા આભારદર્શન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ ભારતીય સંસ્કૃતિના લોક સહિત્યના જતન અર્થે જાગૃત બની શક્યા હતા.

## ઑઝોન દિવસની ઉજવણી અંતર્ગત ક્વીઝ સ્પર્ધા



કોલેજમાં તારીખ: 16/09/2023 ગુરુવારના રોજ  કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લની પ્રેરણાથી ઑઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઑઝોનનો વિશેની માહિતી ચૌહાણ પ્રિયંકાએ અને ઑઝોન સંરક્ષણની માહિતી બારિયા કલ્પિતાએ આપી હતી. ક્વીઝ સ્પર્ધાનું સમગ્ર સંચાલન ડો. કામેન્દુ આર. ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર-1ના તાલીમાર્થીઓની ટીમ અને સેમેસ્ટર-3ના તાલીમાર્થીઓની ટીમે ભાગ લીધેલ હતો. ક્વીઝ પ્રશ્નોત્તરીની છણાવટ અને રજૂઆતકર્તા તાલીમાર્થી પટેલ કૃપાલી અને ચૌહાણ ભાવિકા એ પોતાની ભૂમિકા નિષ્ઠાપૂર્વક ભજવેલ હતી. ક્વીઝ સમયનોંધ કાર્ય મહિડા હેપ્પી તથા ક્વીઝ માર્કિંગની કામગીરી નનિષા સૉલકી દ્વારા કરવામાં આવી હતી. ક્વીઝ દરમિયાન સૌ તાલીમાર્થીઓ આનંદમગ્ન બની શક્યા હતા. સાથોસાથ જવાબ આપવા માટે તત્પર બન્યા હતા. સેમેસ્ટર-1ના તાલીમાર્થીઓની ટીમ સ્પર્ધામાં વિજેતા બની હતી. સેમેસ્ટર-1ના કુલ 8 તાલીમાર્થીઓની ટીમ સ્પર્ધામાં વિજેતા બની હતી. જેમાં સોલંકી માર્ગી એસ., વાઘેલા દિક્ષિતા એસ.. પટેલ પાર્થ આર., મકવાણા ભગીરથ જી., ચાવડા માનસી આર., દેવદાર નિકુંજ એ., પરમાર દિવ્યા જે., ગોહિલ પ્રતીક એમ. હતા. સૌ પ્રતિસ્પર્ધીઓને કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ એ અભિનંદન પાઠવ્યા હતા.

## ઈનોવેશન ક્લબ : વર્કશોપ






કોલેજમાં તારીખ: 18/09/23 સોમવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેજા હેઠળ અને ડો. સ્વેતાબેન એસ. ચૌહાણની પ્રેરણાથી ઈનોવેશન ક્લબ અંતર્ગત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યાપકશ્રી કામેન્દુ આર. ઠાકર અને પ્રશિક્ષણાર્થી બહેનો ગોસ્વામી વૈશાલી, પટેલ પ્રિયા, પટેલ રુતુ દ્વારા પ્રાર્થના રજૂ કર્યા બાદ કોલેજના કા. આચાર્યાશ્રી દ્વારા ટ્રેનર શ્રી વર્મીન પંચાલનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતુ. ટ્રેનરશ્રીનો પરિચય પ્રશિક્ષણાર્થી પ્રતીક ગોહિલ દ્વારા કરવામાં આવેલ હતો. ટ્રેનર શ્રી વર્મીન પંચાલે ઈનોવેશનની વિશદ્ સમજ આપવાની સાથે પ્રાયોગિક નિદર્શન કર્યું હતું તેમજ ભવિષ્યમાં ઈનોવેટીવ કાર્યો થકી વ્યવસાય દ્વારા આર્થિક સધ્ધરતા કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગે ઉદાહરણ સહિત માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે પ્રશિક્ષણાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ ટ્રેનરશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો. આભારદર્શન પટેલ પાર્થ દ્વારા કરવામાં આવેલ હતું. આ વર્કશોપનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ ઈનોવેશન કાર્ય અર્થે જાગૃત બની શક્યા હતા.

**વ્યસન - ફેશન મુક્તિ અભિયાન કાર્યક્રમ**






કોલેજમાં તારીખ: 23/09/2023 શનિવારના રોજ વ્યસન - ફેશન મુક્તિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના વક્તાશ્રીનો પરિચય ડો. કામેન્દુ ઠાકર દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમના મુખ્ય વક્તાશ્રી રામભાઈ પટેલે વ્યસન, ફેશન, ફાસ્ટફૂડ, મોબાઈલની આજના સમયમાં થતી આડઅસરો જણાવવાની સાથે ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિના મૂલ્યોની ઉદાહરણસહિત સમજૂતી આપી હતી. વકતવ્ય દરમિયાન વકતાશ્રીએ અઢળક રસપ્રદ શ્લોગન રજૂ કર્યા તેમની આ છટાદાર ભાષાશૈલીથી શ્રોતાગણ પ્રભાવિત બન્યા હતા. કાર્યક્રમના અંતે ડો. રોશની દેસાઈ દ્વારા આભારદર્શન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ વ્યસન અને ફેશનથી સમાજને મુક્ત કરવા માટેના ઉપાયો થકી જાગૃત બની શક્યા હતા.

નવ આગંતુક તાલીમાર્થી અભિવાદન (ફ્રેસર્સ) કાર્યક્રમ યોજાયો.






કોલેજમાં તારીખ: 25/09/23 સોમવારના રોજ નવ આગંતુક તાલીમાર્થીઓનું અભિવાદન કરવાના હેતુથી સેમેસ્ટર – 3 ના તાલીમાર્થીઓ દ્વારા વેલકમ ફ્રેસર્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમેસ્ટર-3 ના પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર સેમેસ્ટર-1 ના પ્રશિક્ષણાર્થીઓને આવકાર્યા હતા. પ્રશિક્ષણાર્થી ધરતી પ્રજાપતી દ્વારા પ્રાર્થના રજૂ કર્યા બાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કોલેજના જી.એસ. તપન સુથાર દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતુ. પ્રશિક્ષણાર્થીઓના ફ્રેશર કાર્યક્રમનું આયોજન બે ચરણમાં કરેલ હતું. પ્રથમ ચરણમાં પ્રશિક્ષણાર્થીઓએ પોતાની કૃતિઓની રજૂઆત કરેલ હતી. અને બીજ ચરણમાં વિવિધ ઈનડોર રમતોનું આયોજન થયેલ હતુ. રમત દરમિયાન સૌએ ખૂબ આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં મીસ. ફ્રેસર તરીકે પરમાર હીના આર. વિજેતા બનેલ હતી. વેલેડ્રેસ પર્સન તરીકે ભાઈઓમાં મેકવાન રોનિલ અને બહેનોમાં પરમાર રાધા એમ. વિજેતા બન્યા હતા. નિર્ણાયકની ભૂમિકા ડો. દિપિકા ચૌધરી, ડૉ. શ્વેતા ચૌહાણ અને શ્રીમતી નિધિ એસ. વૈદ્ય એ ભજવેલ હતી. આભારદર્શન ભાવિકા ચૌહાણે કરેલ હતું. હેતલ ગોસાઈ અને કુરુતુલૈન પઠાણએ ઉદ્દ્ઘોષકની ભૂમિકા અદા કરેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. કામેન્દુ આર. ઠાકરે કરેલ હતું. કાર્યક્રમના અંત સુધી સૌએ ઉત્સાહભેર જોડાઈને મોજ માણી હતી.

**'સ્વચ્છતા ત્યાં પ્રભૂતા' કાર્યક્રમ**






કોલેજમાં તારીખ: 03/10/2023 મંગળવારના રોજ ગાંધી જયંતિના સંદર્ભમાં સ્વચ્છતા ત્યાં પ્રભૂતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમેસ્ટર 1 અને 3 ના તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ્ભેર પોતાના વિચારો રજૂ કરેલ હતા. જેથી તમામ શ્રોતાગણમાં સ્વચ્છતા સંદર્ભે જાગૃતતાનું બીજારોપણ થયેલ હતું. અધ્યાપિકા શ્રી ડૉ. રોશની દેશાઈએ તમામ ઉપસ્થિત બંધુઓને સ્વચ્છતા સંકલ્પ પ્રતિજ્ઞા લેવડાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. કામેન્દુ ઠાકર દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતે સૌ તાલીમાર્થીઓ દ્વારા આભારદર્શનની લાગણીની આભા પ્રગટ થયેલ હતી. આ કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ સ્વચ્છતા ત્યાં પ્રભૂતા જતન અર્થે જાગૃત બની શક્યા હતા. અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ એ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## નિવૃતિ સન્માન સમારંભ તેમજ સંસ્થા ઋણી સન્માન સમારંભ






કોલેજમાં તારીખ: 21/10/23 શનિવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લની આગેવાની હેઠળ ડો. કામેન્દુ આર. ઠાકર, ડો. દિપિકા ચૌધરી, ડૉ. શ્વેતા ચૌહાણ, ડો.

રોશની દેસાઈ, શ્રી ચેતન ડી. શાહ, શ્રી રાકેશ એ. ભટ્ટ અને શ્રીમતી નિધિ એસ. વૈદ્યની ઉપસ્થિતિમાં ડો. પી. ડી. શાહનો નિવૃતિ સન્માન સમારોહ તેમજ પૂર્વ પ્રાધ્યાપકશ્રી પ્રો. સી. જે. ચોકસી સાહેબે કરેલ દાન માટે દાતા તરીકે ટ્રસ્ટના પ્રમુખશ્રી તરફથી સંસ્થા ઋણી સન્માન સમારોહમાં ઋણપુષ્પનું વાચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત તાલીમાર્થી રોનીલ મેકવાન દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ દ્વારા મંચસ્થ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું તથા પરિચય ડો. કામેન્દુ આર. ઠાકર દ્વારા આપવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ શ્રી ચંદ્રવદન જે.ચોકસી સાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, વયનિવૃત્ત થનાર અધ્યાપક શ્રી ડૉ. પી. ડી. શાહ સાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત ડો. રોશની દેસાઈ તથા ઉષાબેન પી. શાહનું પુષ્પગુચ્છથી સ્વાગત ડો. શ્વેતા ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. નિવૃત્તિ શુભેચ્છા સંદેશ સંસ્થાવતી કાર્યક્રમના અધ્યક્ષશ્રી ચંદ્રવદન જે. ચોકસી દ્વારા પાઠવવામાં આવેલ જેમાં તેમણે આ નિવૃત્તિ ભલે ગણાતી હોય પરંતુ આપના માટે જીવનના ઉતરાર્ધ કાળમાં પ્રવૃતિમય બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે તાલીમાર્થી રાધાબેન અને કલ્પિતાબેન દ્વારા નિવૃત્તિ શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ. અધ્યાપક શ્રી ડૉ. પી. ડી. શાહનું ટ્રસ્ટ તરફથી સાલ ઓઢાડીને અને મોમેન્ટમ આપી સન્માન શ્રી ચંદ્રવદન જે. ચોક્સી સાહેબ અને ડૉ. નયનાબેન શુક્લએ કરેલ હતું. સન્માનપત્ર વાંચન ડો. નયનાબેન શુક્લએ કરેલ. સન્માન પત્ર અર્પણ શ્રી ચંદ્રવદન જે. ચોકસી અને ડૉ. નયનાબેન શુક્લએ કરેલ. ત્યારબાદ સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી  શ્રીફળ, સાકર અને સ્મૃતિભેટ આપી સન્માન સાથે સ્નેહની લાગણી વ્યક્ત થયેલ હતી. નિવૃત્તિ પામનાર અધ્યાપક શ્રી ડૉ. પી. ડી. શાહ સાહેબે જય શ્રી કૃષ્ણના બોલ સાથે આત્મીયજનની લાગણી વ્યકત કરેલ હતી અને સૌને આશીર્વચન પણ આપેલ હતા. આભારદર્શન ડો. સ્વેતા ચૌહાણે કરેલ હતું. હેતલ ગોસાઈ અને પ્રજાપતિ ધરતીબેને ઉદ્દઘોષકની ભૂમિકા સફળતાપૂર્વક અદા કરેલ હતી. સમગ્ર કાર્યક્રમ અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## ગરબા મહોત્સવ કાર્યક્રમ





કોલેજમાં તારીખ : 21/10/23 શનિવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેજા હેઠળ ગરબા મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર 1 અને 3 ના પ્રશિક્ષણાર્થીઓ ઉત્સાહભેર ગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત માતાજીની આરતીથી કરવામાં આવેલ હતી. જે દરમિયાન સૌ

ભાવવિભોર બની માતાજીની સ્તુતિમાં જોડાયા હતા. મંગલમય સ્તુતિ કર્યા પછી ગરબા કાર્યક્રમના નિર્ણાયક શ્રીમતી ફાલ્ગુનીબહેનશ્રીનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રમઝટ સાથે ગરબાની શરૂઆત થયેલ સૌ તાલીમાર્થી અને સ્ટાફ પરિવાર માતાના ગરબે ઝૂમયા હતા. આનંદમય વાતાવરણ સર્જાયું હતું. આ કાર્યક્રમમાં બહેનોમાં બેસ્ટ એકસનના વિજેતા દિવ્યા પરમાર તથા ભાઈઓમાં બેસ્ટ એકસનના વિજેતા અમિત પંડયા બનેલ હતા. ગરબા વેલડ્રેસમાં ભાઈઓમાં મેકવાન રોનિલ અને બહેનોમાં પરમાર હીના આર. વિજેતા બન્યા હતા. જેમાં નિર્ણાયકની ભૂમિકા શ્રીમતી ફાલ્ગુનીબેને ભજવેલ હતી. ગરબામાં ઝૂમ્યા બાદ સૌએ માતાજીને યાદ કરી આભારની લાગણી વ્યક્ત કરેલ હતી. સમગ્ર કાર્યક્રમમાં ડો.રોશની દેસાઈ અને નયનાબેન શુક્લની ભૂમિકા મહત્વની હતી. ગરબે ધુમતા સૌને લ્હાણી આપી કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

**ગુજરાત ગવર્નમેન્ટ હેલ્પલાઈન નંબર અવેરનેસ કાર્યક્રમ**





કોલેજમાં તારીખ: 15/12/2023 શુક્રવારના રોજ પેટલાદ મામલદદાર ઑફિસના મામલદદારશ્રી વિક્રમભાઈ દેશાઈની અધ્યક્ષતામાં સંસ્થાના કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ દ્વારા તાલીમાર્થીઓ અને સ્ટાફને માનવ અધિકારની સંપૂર્ણ માહિતી મળે તે હેતુથી ગુજરાત ગવર્નમેન્ટ હેલ્પલાઈન નંબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ સ્થાનને પેટલાદ મામલદદારશ્રી વિક્રમભાઈ દેશાઈ એ શોભાવેલ હતું.

કાર્યક્રમની શરૂઆત અધ્યાપકશ્રી કામેન્દ્ર ઠાકર અને પ્રશિક્ષણાર્થીઓ દ્વારા રજૂ કરેલ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતું. સર્વે મહાનુભવોનો પરિચય અધ્યાપિકાશ્રી ડો. સ્વેતા ચૌહાણે આપેલ હતો. ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ, શ્રીમતી નિધિ વૈદ્ય, શ્રી રાકેશભાઈ ભટ્ટ અને કોલેજના જી. એસ. તપન સુથારે કરેલ હતું. અધ્યક્ષશ્રી વિક્રમભાઈ દેશાઈ એ ગુજરાત ગવર્નમેન્ટ હેલ્પલાઈન નંબર અવેરનેસ અંગે પ્રાસંગિક ઉદ્દબોધન કરેલ હતું. વકતાશ્રી રચનાબેન રાવલ એ કાયદા અને યોજનાઓ, પ્રિલીગલએડ ક્લીનિક – 39 એ અંગે, વિશ્વાબેન ત્રિવેદી

એ માનવ અધિકાર અંગે ક્રિશ્નાબેન પરમાર એ કાયદાકીય પયાની જાગૃતતા અંગે, હેપ્પીબેન પરમારે 181- મહિલા હેલ્પલાઈન અ અને તેની રજિસ્ટ્રેશન વિધી અંગે, હિનાબેન કૌશલે સખી વનસ્ટોપ સેન્ટર અને દરેક પ્રકારની હિંસા તેમજ કાયદાકીય સહાય અંગે, શુશીલાબેન ગોહિલે સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે, સ્નેહલબેન અંજારિયા એ પૉલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર તરફથી મળતી મહિલા સહાયતા અંગેની જાણકારી આપી હતી. આ  કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ, સમગ્ર સ્ટાફ મિત્રો, અને તાલીમાર્થીઓએ હાજરી આપી હતી. અંતમાં આભારવિધિ અધ્યાપિકાશ્રી ડૉ. રોશની દેશાઈ એ કરેલ હતી. કાર્યક્રમમાં ઉદ્દ્ઘોષકની ભૂમિકા અધ્યાપિકાશ્રી ડો. દિપીકા આર. ચૌધરી એ ભજવેલ હતી. સમગ્ર કાર્યક્રમ થકી તમામ ઉપસ્થિત જન માનવ અધિકાર વિશે જાગૃતતા કેળવી શક્યા હતા. અંતે સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા.

## ગીતાજયંતિ ઉજવણી કાર્યક્રમ






કોલેજમાં તારીખ: 23/12/2023 શનિવારના રોજ કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લની પ્રેરણાથી અને અધ્યાપિકાશ્રી ડૉ. રોશની દેસાઈના માર્ગદર્શન હેઠળ ગીતાજયંતિ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ અને અધ્યાપિકાશ્રી ડૉ. દિપીકા આર. ચૌધરી દ્વારા વૈશ્વિક ગ્રંથ શ્રીમદ્દ ભગવદ્દગીતાનું કંકુ તિલક કરી પૂજન કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ગીતાજયંતિના મહત્વ વિશેની વિસ્તૃત માહિતી નિકુંજ દેવડા દ્વારા આપવામાં આવ્યા બાદ ગીતાના મર્મને સમજવા અને તેના અર્થોચ્ચારણ સુધી ગતિ કરવાના સંદર્ભમાં સેમેસ્ટર-2 ના તાલીમાર્થી ભાઈઓ અને બહેનોએ ભગવદ્દગીતાના 18 અધ્યાયમાંથી જુદાં-જુદાં પવિત્ર શ્લોકોનું ભાવવિભોર થઈ પઠન કર્યુ હતુ. જેથી સમગ્ર વાતાવરણ સુંદર અને મંગલમય બની ગયુ હતું. જેમાં કુલ 18

તાલીમાર્થીઓ - રાધા એમ. પરમાર, દિક્ષિતા એસ. વાઘેલા, પ્રિયા એન. પ્રજાપતિ, નનીશા સી. સોલંકી, માર્ગી એચ. પટેલ, પ્રિયા વાય. પટેલ, ઉર્વશી એમ. ભોઇ, હિમાંશી ડી. પટેલ, સોનલ એમ. સોલંકી, સપના સી. જાદવ, હેપ્પી વી. મહિડા, કૈલાશ જી. પરમાર, પારુલ આઈ. પરમાર, ઋતુ ડી. પટેલ, પ્રિયંકા એ. ચૌહાણ, મીનાક્ષી એન. ઠાકોર, પ્રકાશ આર. ઠાકોર, વિશાલ વી. ડાભીએ ભાગ લીધેલ હતો. હેપ્પી વી. મહિડાએ પવિત્ર ગ્રંથ ગીતાનો સારાંશ સમજાવતા કર્મના ફળની વાત સંદભ સહિત રજૂ કરી હતી. ડો. નયનાબેન ટી. શુક્લ દ્વારા વૈશ્વિક ગ્રંથ ગીતાના મર્મને સમજાવતા વિવિધ શ્લોકોનું પઠન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મંગલમય વાતાવરણ સર્જાયુ હતું. આ ઉપરાંત તાલીમાર્થીઓ દ્વારા પઠન થયેલ શ્લોકોનું આગામી દિવસોમાં રોજેરોજ પ્રાર્થના કાર્યક્રમમાં ભાષાંતર કરી ભાવાનુવાદ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમના અંતમાં દિક્ષિતા એસ. વાઘેલાએ આભાર વ્યક્ત કરેલ હતો. ઉદ્દઘોષક તરીકેની ભૂમિકા દિવ્યા જે. પરમારે સફળતાપૂર્વક અદા કરેલ હતી. દરેક તાલીમાર્થીઓ ગીતાજી ગ્રંથનું કંકુ તિલક કરી વંદન કર્યા હતા. અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## બી. એડ્. કૉલેજ, પેટલાદનું ગૌરવ



સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ઑક્ટોબર 2023 માં બી. એડ. સેમેસ્ટર-1 ની લેખિત પરીક્ષાનું આયોજન થયેલ હતું. જેમાં શ્રીમતી એસ.આઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ

એજ્યુકેશન, પેટલાદની પ્રશિક્ષણાર્થી ઋતુ ધીરજભાઈ પટેલ એ યુનિવર્સિટી કક્ષા એ સૌથી વધુ ગુણ (702/750 ગુણ) પ્રાપ્ત કરી યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જે પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ તેમજ સંસ્થા પરિવાર તેમજ ફિણાવ ગામ માટે ખૂબ ગૌરવ અને આનંદની વાત છે. સાથો સાથ સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ અને સમગ્ર સ્ટાફ પરિવારને ઋતુ ધીરજભાઈ પટેલ ની સફળતા માટે બિરદાવવામાં આવે છે કે જેમના માર્ગદર્શન અને પ્રેરણા થકી દિકરી આ ઉચ્ચ શીખરને સર કરી શકેલ છે. પ્રથમ નંબર આવતા દિકરીની સફળતાથી પ્રભાવિત થઈ કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ તથા સમગ્ર બી.એડ પરિવારે પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છા પાઠવી આનંદ વ્યક્ત કર્યો હતો. અને અભિનંદન પાઠવ્યા હતા.


રક્તદાન કાર્યક્રમ






શ્રીમતી એસ આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ તેમજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી પેટલાદ દ્વારા તારીખ: 04/01/2023 ને ગુરુવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેતૃત્વ હેઠળ સ્વૈચ્છિક રક્તદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, પેટલાદના કમિટી સભ્ય શ્રી હસમુખભાઈ મિસ્ત્રી અને તેમની સમગ્ર ટીમે રક્તદાનની સુચારુ વ્યવસ્થા ગોઠવેલ હતી. રક્તદાન માટેની જરૂરી બાબતોથી પ્રશિક્ષણાર્થીઓને અવગત કરવામાં આવ્યા હતા. અને રક્તદાતાને સ્વૈચ્છિક રક્તદાનની વિગત દર્શાવતું ફોર્મ રક્તદાતા પાસે ભરાવડાવી રક્તદાન માટે રક્તદાતાની સંમતિ લેવામાં આવેલ હતી રક્તદાતાને રક્તદાન બાદ કોઈ શારિરીક તકલીફ ન પડે તે માટે કોફી અને જ્યુસ જેવા પીણાં ની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં બી. એડ્. કૉલેજ, પેટલાદના કુલ 11 પ્રશિક્ષણાર્થીઓમાં પટેલ પાર્થ આર., ચાવડા માનસી આર, વાઘેલા રાજુ કે, ઝાલા વિક્રમસિંહ, વાઘેલા ભારતી જે., બારિઆ કલ્પિતા આર, ગોશાઈ હેતલ પી. પ્રરમાર હીના પી, વાઘેલા નિકીતા એ., ચૌહાણ પ્રિયંકા એ., પરમાર કૈલાશ જી. એ તેમજ બી. એડ્. કૉલેજ સ્ટાફ પરિવારમાંથી ડૉ. રોશની દેશાઈ એ તાલીમાર્થીઓ માટે

પ્રેરણા રૂપ બની રક્ત દાન કર્યું હતું. જેમાં પટેલ પાર્થ આર., ચાવડા માનસી આર., વાઘેલા રાજુ કે, ઝાલા વિક્રમસિંહ અને ડૉ. રોશની દેશાઈને ચેકિંગ બાદ રક્તદાતા બનવા માટેની તક પ્રાપ્ત થયેલ હતી. આમ, રક્તદાન આપી આ સર્વે એ મહાયજ્ઞમાં આહુતિ આપેલ હતી. જે બદલ સર્વેને કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ તેમજ શ્રી હસમુખભાઈ મિસ્ત્રી એ સામાજિક આરોગ્ય ના આ ભગીરથ કાર્ય માં સહભાગી થવા બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.



# આભાર

**(વર્ષ: 2023 – 2024)**